**અગ્રતા ક્રમઃ** १३

## ફોલ્ડર ફાઇલ

વિભાગ – સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ– **૧૫/૪/૧૩૨૦**

**વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તારીખઃ–**

**૧૯/૦૨/૨૦૨૪**

૧૫મી ગુજરાત વિધાનસભા

પ્રશ્ન – ગીર સોમનાથ જિલ્લામાં બૌદ્દિઘક અસમર્થતા ઘરાવતા (મનોદિવ્યાંગ) વ્યક્તિને આર્થિક સહાય આપવાની યોજના

પ્રશ્ન પૂછનાર સભ્યશ્રી, અને તેમનો મત વિસ્તાર –

શ્રી પ્રદ્યુમન ગનુભાઇ વાજા (કોડીનાર)

| ક્રમ | પ્રશ્નો | પાના નંબર |
|---|---|---|
| ૧ | **પ્રશ્ન** | 3 |
| ૨ | **પ્રશ્નનો જવાબ** | 4 |
| ૩.૧ | **પૂરક પ્રશ્ન -૧ ધારાસભ્યશ્રી – શ્રી પ્રદ્યુમન ગનુભાઈ વાજા (કોડીનાર)** બૌદ્દિક અસમર્થતા ધરાવતા (મનોદિવ્યાંગ)વ્યક્તિને આર્થિક સહાય આપવાની યોજના હેઠળ છેલ્લા એક વર્ષમાં ગીર સોમનાથ જીલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ ,તેમાંથી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવેલ અને કેટલી રકમ ચૂકવવામાં આવી ? | 5 |
| ૩.૨ | **પૂરક પ્રશ્ન -૨ ધારાસભ્યશ્રી –** બૌદ્દિક અસમર્થતા ધરાવતા (મનોદિવ્યાંગ) વ્યક્તિને આર્થિક સહાય આપવાની યોજના હેઠળ સમગ્ર રાજ્યમાં છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવી? | 6 |
| ૩.૩ | **પૂરક પ્રશ્ન -૩ ધારાસભ્યશ્રી –** બૌદ્દિક અસમર્થતા ધરાવતા (મનોદિવ્યાંગ)વ્યક્તિને આર્થિક સહાય આપવાની યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા વર્ષ છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં માં ફાળવેલ ભૌતિક લક્ષ્યાંક કેટલો હતો અને તેની સામે કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો ,ભૌતિક લક્ષ્યાંક સામે મેળવેલ સિદ્દિની ટકાવારી? | 7 |
| **પૂરક માહિતી** | | |
| ૪.૧ | બૌદ્દિક અસમર્થતા ધરાવતા (મનોદિવ્યાંગ)વ્યક્તિને આર્થિક સહાય યોજના | 8 |
| ૪.૨ | યોજનાની શરૂઆતથી અત્યાર સુધીની વિગતો | 9 |
| ૪.૩ | આ યોજનાની પાત્રતાનાં ધોરણોમાં ક્યારે ક્યારે સુધારો કરવામાં આવ્યો ? | 11 |

તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ પ્ર/

# ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ 15/4/1320

વિષયઃ

ગીર સોમનાથ જિલ્લામાં મનોદિવ્યાંગ વ્યક્તિઓને આર્થિક સહાય

| સૂચના મળ્યાની તારીખઃ | વિભાગે ઓનલાઇન જવાબ મોકલાવવાની છેલ્લી તારીખ | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 15/01/2024 | 13/02/2024 | 30/01/2024 |

*15/4/1320 ડૉ. પ્રદ્યુમન ગનુભાઇ વાજા(કોડીનાર)

સામાજિક ન્યાય અને અધિકારિતા જણાવવા કૃપા કરશે કેઃ-

માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) ગીર સોમનાથ જિલ્લામાં વર્ષ-૨૦૨૩માં બૌધ્ધિક અસમર્થતા ધરાવતી (મનોદિવ્યાંગ) વ્યક્તિઓને આર્થિક સહાય યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને

(૩) તે પેટે કેટલી રકમ ચુકવવામાં આવી?

# 13

**ગીર સોમનાથ જિલ્લામાં મનોદિવ્યાંગ વ્યક્તિઓને આર્થિક સહાય**

*15/4/1320 **શ્રી ડો.પ્રધુમનભાઇ ગનુભાઇ વાજા** (કોડીનાર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | ગીર સોમનાથ જિલ્લામાં વર્ષ–૨૦૨૩ માં બૌધ્ધિક અસમર્થતા ધરાવતી (મનોદિવ્યાંગ) વ્યક્તિઓને આર્થિક સહાય યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ મળી, | (૧) | ૪૬૮ |
| (૨) | તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) | ૪૬૮ |
| (૩) | તે પેટે કેટલી રકમ ચુકવવામાં આવી ? | (૩) | ૩૦,૭૬,૦૦૦ |

--------------------

| **અગ્રતાક્રમ - ૧૩ પૂરક પ્રશ્ન - ૧** |
|---|
| પૂછનાર માન.ધા.સ.શ્રી – |

| | |
|---|---|
| **પૂરક પ્રશ્ન–:- ૧** | **બૌદ્દિક અસમર્થતા ધરાવતા (મનોદિવ્યાંગ)વ્યક્તિને આર્થિક સહાય આપવાની યોજના હેઠળ છેલ્લા એક વર્ષમાં ગીર સોમનાથ જીલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ ,તેમાંથી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવેલ અને કેટલી રકમ ચૂકવવામાં આવી ?** |

**જવાબ: માન. અધ્યક્ષશ્રી,**

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ | મંજુર કરેલ અરજી | ચુકવેલ સહાયની કુલ રકમ (લાખમાં) |
|---|---|---|---|
| વેરાવલ | ૧૧૬ | ૧૧૬ | ૭.૫૩ |
| સુત્રાપાડા | ૭૫ | ૭૫ | ૪.૨૮ |
| કોડીનાર | ૯૯ | ૯૯ | ૬.૯૪ |
| તાલાળા | ૩૩ | ૩૩ | ૨.૩૧ |
| ઉના | ૯૧ | ૯૧ | ૫.૭૯ |
| ગીર ગઢડા | ૫૪ | ૫૪ | ૩.૯૧ |
| **કુલ** | **૪૬૮** | **૪૬૮** | **૩૦.૭૬** |

**અગ્રતાક્રમ - ૧૩ પૂરક પ્રશ્ન – ૨**

પૂછનાર માન.ધા.સ.શ્રી –

**પૂરક પ્રશ્ન-:-૨** **બૌદ્દિક અસમર્થતા ધરાવતા (મનોદિવ્યાંગ) વ્યક્તિને આર્થિક સહાય આપવાની યોજના હેઠળ સમગ્ર રાજ્યમાં છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવી?**

જવાબ:

**માન. અધ્યક્ષશ્રી,**

બૌદ્દિક અસમર્થતા ધરાવતા (મનોદિવ્યાંગ) વ્યક્તિને આર્થિક સહાય યોજના હેઠળ ગુજરાત રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૪૬૩૧૯ લાભાર્થીઓને રૂપિયા ૬૮૯૬.૩૩ લાખ ની સહાય ચુકવવામાં આવેલ છે.

| **ક્રમ** | **વર્ષ** | **લાભાર્થીઓની સંખ્યા** | **ચુકવેલ સહાયની રકમ (રૂ. લાખમાં )** |
|---|---|---|---|
| ૧ | ૨૦૨૦–૨૧ | ૭૫૨૯ | ૩૧૮.૯૪ |
| ૨ | ૨૦૨૧–૨૨ | ૨૫૦૭૫ | ૨૦૫૭.૬૫ |
| ૩ | ૨૦૨૨–૨૩ | ૪૬૩૧૯ | ૪૫૧૯.૭૪ |
| **કુલ** | | | **૬૮૯૬.૩૩** |

| **અગ્રતાક્રમ - ૧૩ પૂરક પ્રશ્ન – ૩** | |
|---|---|
| પૂછનાર માન.ધા.સ.શ્રી – | |
| **પૂરક પ્રશ્ન- ૩ :-** | **બૌદ્દિઘક અસમર્થતા ધરાવતા (મનોદિવ્યાંગ)વ્યક્તિને આર્થિક સહાય આપવાની યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા વર્ષ છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં માં ફાળવેલ ભૌતિક લક્ષ્યાંક કેટલો હતો અને તેની સામે કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, ભૌતિક લક્ષ્યાંક સામે મેળવેલ સિદ્દિઘની ટકાવારી ?** |

જવાબ: **માન. અદ્યક્ષશ્રી,**

- બૌદ્દિઘક અસમર્થતા ધરાવતા (મનોદિવ્યાંગ)વ્યક્તિને આર્થિક સહાય આપવાની યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૦–૨૧માં ૬૫૭૫ ભૌતિક લક્ષ્યાંક ફાળવવામાં આવેલ તે પૈકી ૭૫૨૯ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો. ભૌતિક લક્ષ્યાંક સામે ૧૧૪.૫૧% સિદ્દિઘ પ્રાપ્ત કરેલ છે.
- બૌદ્દિઘક અસમર્થતા ધરાવતા (મનોદિવ્યાંગ)વ્યક્તિને આર્થિક સહાય આપવાની યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૧–૨૨માં ૧૬૯૧૦ ભૌતિક લક્ષ્યાંક ફાળવવામાં આવેલ તે પૈકી ૨૫૦૭૫ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો. ભૌતિક લક્ષ્યાંક સામે ૧૪૮.૨૯% સિદ્દિઘ પ્રાપ્ત કરેલ છે.
- બૌદ્દિઘક અસમર્થતા ધરાવતા (મનોદિવ્યાંગ)વ્યક્તિને આર્થિક સહાય આપવાની યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨–૨૩માં ૩૪૦૪૮ ભૌતિક લક્ષ્યાંક ફાળવવામાં આવેલ તે પૈકી ૪૬૩૧૯ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો. ભૌતિક લક્ષ્યાંક સામે ૧૩૬.૦૫% સિદ્દિઘ પ્રાપ્ત કરેલ છે.

| અગ્રતાક્રમ - ૧૩ પૂરક માહિતી |
| --- |
| **બૌદ્ધિક અસમર્થતા ધરાવતા (મનોદિવ્યાંગ)વ્યક્તિને આર્થિક સહાય યોજના** |

**આ યોજનાની હાલની વિગતો**

➢ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃ અપગ/૧૦૨૦૨૦/૩૭૫૭૬/છ-૧ તા.૧૮/૦૭/૨૦૨૦ના ઠરાવથી ૮૦ ટકાથી વધુ માનસિક દિવ્યાંગતા ધરાવતા લાભાર્થીઓને આવક મર્યાદાના બાધ સિવાય માસિક રૂ ૧૦૦૦/- સહાય આપવાની યોજના અમલમાં મુકવામાં આવી.

**હેતુ :**

➢ માનસિક દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓ કે જે પોતાની રોજબરોજની પ્રવૃતીઓ સ્વતંત્ર રીતે કરી શકતા નથી તેઓને માસિક સહાય પુરી પાડી તેઓના પરીવારજનોને તેઓની સારસંભાળ પાછળ થતા ખર્ચમા રાહત આપવાનો આ યોજનાનો મૂળ હેતુ છે.

**આ યોજના હેઠળ હાલમાં સહાય મેળવવાની પાત્રતા**

➢ ૫૦ ટકા કે તેથી વધુ બૌદ્ધિક અસમર્થતા, સેરેબ્રલ પાલ્સી અને ઓટીઝમ પ્રકારની દિવ્યાંગતા ધરાવનાર વ્યક્તિને આ યોજના હેઠળ લાભ મળવાપાત્ર છે.

➢ ૦ થી ૭૯ વર્ષ સુધીના દિવ્યાંગ વ્યક્તિને લાભ મળવાપાત્ર છે.

**આ યોજના હેઠળ મળવાપાત્ર સહાય**

➢ આ યોજના હેઠળ લાભાર્થીને માસિક રૂ. ૧૦૦૦/- સહાય મળવાપાત્ર છે.

**આ યોજનાનાં અરજી પત્રક**

➢ આ યોજના હેઠળ અરજી પત્રક જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીએથી મેળવી સંપૂર્ણ વિગતો ભરી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીએ રજુ કરવામાં આવે છે. જેની ચકાસણી કરી સહાય મંજૂર કરવાની સત્તા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીને છે.

**સહાય કેવી રીતે આપવામાં આવે છે.**

➢ આ યોજના હેઠળ લાભાર્થીને માસિક રૂ.૧૦૦૦/- સહાય લાભાર્થીના બેંક એકાઉન્ટમાં DBT (ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર) મારફતે રાજ્ય કક્ષાએથી જમા કરવામાં આવે છે.

**અગ્રતાક્રમ - ૧૩ પૂરક માહિતી**

**યોજનાની શરૂઆતથી અત્યાર સુધીની વિગતો**

| ક્રમ | વર્ષ | ઠરાવની તારીખ | ઠરાવની મુખ્ય વિગત |
|---|---|---|---|
| ૧ | ૨૦૨૦ | ૧૮/૦૭/૨૦૨૦ | • ૮૦ ટકાથી વધુ માનસિક દિવ્યાંગતા ધરાવતા લાભાર્થીઓને આવક મર્યાદાના બાધ સિવાય માસિક રૂ ૧૦૦૦/- સહાય આપવા.<br>• ૮૦ ટકા કે તેથી વધુ માનસિક દિવ્યાંગતા ધરાવનાર વ્યક્તિ<br>• ૦ થી ૭૯ વર્ષ સુધીના દિવ્યાંગ વ્યક્તિને લાભ મળવાપાત્ર છે.<br>• માનસિક દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓ કે જે પોતાની રોજબરોજની પ્રવૃતીઓ સ્વતંત્ર રીતે કરી શકતા નથી તેઓને માસિક સહાય પુરી પાડી તેઓના પરીવાર જનોને તેઓની સારસંભાળ પાછળ થતા ખર્ચમા રાહત આપવાનો આ યોજનાનો મૂળ હેતુ છે |
| ૨ | ૨૦૨૦ | ૨૪/૧૧/૨૦૨૦ | • ૮૦ ટકા કે તેથી વધુ માનસિક દિવ્યાંગતાને બદલે ૮૦ ટકા કે તેથી વધુ મંદબુધ્ધી ધરાવતા દિવ્યાંગોને લાભ આપવાનો રહેશે એમ ઠરાવવામાં આવ્યુ.<br>• આ યોજના હેઠળ લાભાર્થીઓને સહાય ડી.બી.ટી થી સીધા જ તેઓના બેંક ખાતામાં આપી શકાય તે હેતુથી N.S.A.P MIS સોફ્ટવેરમાં સમાવેશ કરવાનું ઠરાવવામાં આવ્યું.<br>• આ યોજનાનો N.S.A.P MIS સોફ્ટવેરમાં સમાવેશ થાય ત્યા સુધી (૧) સંત સુરદાસ યોજના અને (૨) ઈન્દિરા ગાંધી નેશનલ ડિસેબીલીટી પેન્શન યોજનાઓ હેઠળ હાલમાં લાભ લઈ રહેલ મેન્ટલ રીટાર્ડેશન / બૌધ્દિક અસમર્થતા દિવ્યાંગતા ધરાવતા લાભાર્થીઓને ઉપરોક્ત બંન્ને યોજના હેઠળ માસિક રૂ.૬૦૦/- લાભ આપવાનું ચાલુ રાખી બાકીની સહાય રૂ.૪૦૦/- જિલ્લા કક્ષાએથી NEFT થી ડાયરેક્ટ લાભાર્થીના ખાતામાં ચુકવવાની રહેશે એમ ઠરાવવામાં આવ્યુ. |

| | | | |
|---|---|---|---|
| | | | • સદર નવી યોજના N.S.A.P પોર્ટલ પર એપ્રુવ કરવાની કામગીરી પૂર્ણ થયેથી જે લાભાર્થીઓને આ નવી યોજના હેઠળ ભારત સરકાર દ્વારા આપવામાં આવતી રૂ. ૩૦૦/- ની સહાય મળવાપાત્ર થાય , તેમને આવરી લેવા તેમજ તમામ લાભાર્થીને રાજ્ય કક્ષાએથી ડીબીટીથી માસિક સહાય ચુકવવાની રહેશે એમ ઠરાવવામાં આવ્યું. |
| **૩** | **૨૦૨૧** | ૧૮/૦૩/૨૦૨૧ | • આ યોજનાનું નામ બૌદ્ધિક અસમર્થતા ધરાવતી (મનો દિવ્યાંગ) વ્યક્તિઓને આર્થિક સહાય **(Financial Assistance To Persons With Intellectual Disability(Mental Subnormality))** નક્કી કરવામાં આવ્યું. |
| **૪** | **૨૦૨૧** | ૦૩/૦૬/ ૨૦૨૧ | • આ યોજનામાં બૌદ્ધિક અસમર્થતા ધરાવતી (મનોદિવ્યાંગ) વ્યક્તિોને આર્થિક સહાય આપવાની યોજનામાં દિવ્યાંગતાની ટકાવારી ૮૦ ટકાથી ઘટાડીને ૭૫ ટકા કરવામાં આવી તેમજ નેશનલ ટ્રસ્ટ એક્ટ હેઠળની સૅરેબ્રલ પાલ્સી અને ઓટીઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર (ચેતાતંત્ર ન્યુરોની વિકાસલક્ષી સ્થિતિમાં ક્ષતી) પ્રકારની દિવ્યાંગતા ઉમેરી, ઉક્ત ત્રણેય પ્રકારની દિવ્યાંગતા ધરાવતી માસિક રૂ. ૧૦૦૦/- પેન્શન આપવાનું ઠરાવવામાં આવેલ છે. |
| **૫** | **૨૦૨૧** | ૦૮/૦૯/૨૦૨૧ | • આ યોજના માટે Director social defence (Financial Assistance to persons with intellectual disability (mental subnormaltiy) નામનું ખાતું State Bank Of India, માં ખોલાવવાની મંજૂરી આપવામાં આવેલ છે. |
| **૬** | **૨૦૨૨** | ૨૧/૦૪/૨૦૨૨ | • આ યોજનામાં દિવ્યાંગતાની ટકાવારી ૭૫ ટકાથી ઘટાડીને ૫૦ ટકા કરવામાં આવેલ છે. |

| અગ્રતાક્રમ - ૧૩ પૂરક માહિતી |
| --- |
| **આ યોજનાની પાત્રતાનાં ધોરણોમાં ક્યારે ક્યારે સુધારો કરવામાં આવ્યો ?** |

- તા. ૦૩/૦૬/૨૦૨૧ થી દિવ્યાંગતાની ટકાવારી ૮૦ ટકાથી ઘટાડીને ૭૫ ટકા કરવામાં આવેલ છે.
- તા. ૨૧/૦૪/૨૦૨૨ થી દિવ્યાંગતાની ટકાવારી ૭૫ ટકાથી ઘટાડીને ૫૦ ટકા કરવામાં આવેલ છે.